सत्यमेव जयते

GJAN080015492022

ઉમરેઠના મહેરબાન એડિશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ

કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉમરેઠ.

ફોજદારી.કેસ નં. ૧૧૪૬/૨૦૨૨

આંક–૨૭

ભાવીનકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ,
ઉ.વ.આ.૪૧,ધંધો–ખેતી તેમજ શ્રોફ,
રહે. મોટી ખડકી,
સામરખા, તા.જી.આણંદ ...... **ફરીયાદી**

વિરુધ્ધ

ગનીભાઈ ઈબ્રાહીમભાઈ વહોરા,
રહે. સદાનાપુરા, હે. રેલવે સ્ટેશન,
રેલવે ફાટકની બાજુમાં,
મુ.પો. અજુપુરા(સામરખા).તા.જી.આણંદ ...... **આરોપી**

બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ....

:::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી જે.ડી.પટેલ

આરોપી તરફે : વિ.વ.શ્રી એ.વાય.પઠાણ

:::

JUDGMENT

::- ચુ કા દો -::

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને ખેતી તેમજ શ્રોફનો વેપાર ધંધો કરે છે. આ કામના તો.દાર ઉપરોકત બતાવેલ ઠેકાણે તેમના કુટુંબ સાથે રહે છે અને ખેતી કરે છે. ફરીયાદી તથા તો.દાર એક જ ગામના હોઈ એકબીજાને સારી રીતે પરીચયમાં હોય અને એકબીજાના મિત્રતાના સંબંધો કેળવાયેલા. જેથી ફરીયાદી અને આરોપી એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને અંગત કામે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં તો. દારે ફરિયાદી પાસેથી ૩ માસ અગાઉ આ કામના તો.દારએ ફરીયાદી પાસેથી રૂા.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયો ચાર લાખ પચાસ હજાર પુર) લીધેલા હતા અને સદર રકમ લેતી વખતે તો.દારે જણાવેલ કે, નાણા એક માસ પછી તમોને ચુકવી આપવાનો વાયદો કરેલો. જેથી ફરીયાદીએ તો. દારના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી રૂા.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) હાથઉછીના આપેલા. આ કામના તો. દારે આપેલ સમય વીતતા ફરીયાદીએ તો.દારને આપેલ હાથઉછીના કાયદેસરના નાણાની ઉઘરાણી કરતા તો.દારે ફરીયાદીને સદર નાણાની ચુકવણી કરવા માટે ભારતીય સ્ટેટ બેંક, સામરખા શાખાના ખાતા ન. ૩૦૮૬૬૭૪૬૬૬૪ ની તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજનો ***રૂા.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા)*** ની એકાઉન્ટ પેઈ ***ચેક ન.૦૫૪૬૪૧*** નો તો. દારે ફરીયાદીની રૂબરૂમાં સદર ચેક તો. દારે તેમની સહી તથા ચેકમાં રકમ તથા તારીખ લખી આપેલો. આ કામના તો. દારે આ ફરીયાદીને મજકુર ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ભરોસો ચાપેલો કે, સદર ચેક પાકતી તારીખે બેંકમાં રજૂ કરતાં તુરત જ સ્વિકારાય જશે અને તેના નાણા મળી જશે. જેથી ફરિયાદીએ તો.દારના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક સ્વિકારેલો. ફરીયાદી સદર ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. ફરીયાદીએ તો.દારનો સંપર્ક કરતાં તો.દારે જણાવેલ તારીખ તા. ૩/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદીની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાલેજ શાખાના ખાતામાં જમા

કરાવવા માટે રજૂ કરેલ. સદર ચેક તો.દારની બેંક તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાય ***"ફંડ ઈનસફિસિયન્ટ"*** ના શેરાથી ચેક ફરેલો તે અંગેનો રીર્ટન મેમો ફરીયાદીની બેંકે રીર્ટન મેમો આપી વગર સ્વિકરાય પરત કરેલી. જેની જાણ ફરીયાદીને થયેલી. જેથી સદર ચેકના નાણા ફરીયાદીને મળેલા નથી. જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફતે તા. ૧૫/૧૧/૨૦૨૨ ના રોજની લીગલ નોટીસ રજી.પો. એ.ડી. મારફને આપેલી. જે નોટીસ તો. દારને તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે અને આ કામના તો. દારે ફરીયાદીની નોટીસની ખોટી અને ઉડાઉ જવાબ આપેલ છે અને સદર ચેકના નાણા ફરીયાદીને ચુકવી આપેલા નથી. આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સટિમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની, યોગ્ય નશ્યત કરવા હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ–૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરેલ હતો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં આંક–૦૮ થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(૩) હાલના કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. હાલના કામે આંક–૦૩ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી રજુ દસ્તાવેજોને આંક આપવામાં આવેલ નથી પરંતુ આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૧ (૨) જી.એલ.એચ. પાના નં ૫૪૫ બીપીન શાંતીલાલ પંચાલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ અને તે આધાર અત્રેની કોર્ટ ધ્વારા સદર નિ.૩/૧ થી ૩/૬ વાળા દસ્તાવેજ ધ્યાને લેતા સદર દસ્તાવેજો

અસલ હોય જેથી સદર દસ્તાવેજોને **આંક–૧૦ થી આંક–૧૫** આપવાનો હુકમ કરવામાં આવે છે અને તમામ દસ્તાવેજોને વંચાણે લેવામાં આવે છે.

ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧.	ફરીયાદપક્ષે સાહેદ તરીકે ભાવીનકુમાર ભુપેન્દ્રભાઇ પટેલનાઓનું પુરાવાનું સોગંદનામું	૦૫

ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	વિગત	આંક
૧.	આરોપીએ આપેલ ચેક અસલ	૧૦
૨.	ચેક રીટર્ન મેમો	૧૧
૩.	આરોપીને મોકલેલ નોટીસની સ્થળપ્રત	૧૨
૪.	નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી	૧૩
૫.	પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેક રિપોર્ટ	૧૪
૬.	આ કામના તહોમતદારએ આપેલ નોટિસનો જવાબ	૧૫

(૪) હાલના કામે તહોમતદારની પ્લી લીધા બાદ આંક–૫ તળે આરોપી તરફ ફરિયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ. તેમાં ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૦ થી ૧૫ સુધીના દસ્તાવેજ રજૂ રાખેલ હતા અને ત્યારબાદ આંક–૧૯ થી ફરિયાદપક્ષે કલોઝિંગ પુરસીસ રજૂ રાખેલ છે. ત્યારબાદ સબબ કામ આરોપીના પુરાવા ઉપર આવતા આરોપી દ્વારા આંક–૨૦ થી તેઓને પુરાવો રજૂ રાખવો નથી, તે મતલબની ક્લોઝિંગ પુરસીસ રજૂ રાખેલ છે. ત્યારબાદ સબબ કામ દલીલના તબક્કે લેવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કામ પક્ષકારોના દલીલો માટે રાખવામાં આવતા હાલના કામે ફરિયાદી દ્વારા આંક–૨૪થી લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ છે. જે

હાલના કામે વંચાણે લેવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૨૬ થી આરોપી તર્ફે લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ છે, જે હાલના કામે વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં આરોપીના વિદ્વાન વકીલ શ્રી દલીલ કરતાં જણાવે છે કે, હાલના કામે આરોપીએ નોટિસના જવાબના તબક્કાથી જ તેઓનો બચાવ રજૂ રાખેલ છે અને સદર બચાવને પડકારતો કોઈ પુરાવો ફરિયાદી દ્વારા રજૂ રાખવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, ફરિયાદીની દુકાને બેસતા વિનુભાઈને વ્યાજનો ધંધો કરતા હોય, તેઓને ચેક આપેલ, જેણે હાલનો ચેક ફરિયાદીને આપેલ અને તેનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં ફરિયાદી ઉલટતપાસમાં વ્યવહાર સંબંધે નકારાત્મક જવાબ આપે છે તથા આરોપી નોટિસના જવાબમાં જે બચાવ લીધેલ છે, તે કેસમાં પણ બચાવ લીધેલ છે. વધુમાં લાઇસન્સ ધારક જ નાણાં ધિરધારનો ધંધો કરી શકે, પરંતુ હાલના કામે તેઓ કોઈ પુરાવો રજૂ રાખેલ નથી તથા ઉલટતપાસમાં વ્યવહાર કબુલેલ છે. વધુમાં તેઓ દલીલ કરતાં જણાવે છે કે, હાલમાં હાથઉછીની રકમ આરોપીએ ફરિયાદીને કયારે, કયા મહિનામાં અને કોની હાજરીમાં આપેલ, તે હકીકત પણ ફરિયાદ, નોટિસ કે, સરતપાસના સોગંદનામાં જણાવેલ નથી. હાલના કામે આરોપીપક્ષ તર્ફે રહેલ, બોજો આરોપીપક્ષે કાયદાની જોગવાઈ મુજબ શિફ્ટ કરી દીધેલ છે અને ફરિયાદીને પુરાવા દ્વારા જે શિફ્ટ કરેલ છે. વધુમાં ફરિયાદીએ આરોપીએ હાથઉછીના નાણા કેવી રીતે આપેલ અને જો ચેકથી આપેલ કે, અન્ય ચેક નંબરથી આપેલ તેનો પણ કોઈ ઉલ્લેખ ફરિયાદમાં કરેલ નથી. હાલના કામે ફરિયાદીએ આરોપીને રહેલા ચેકોનો દુરઉપયોગ કરેલ છે અને તેવા સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૧૪(જી) લાગુ પડે છે. વધુમાં આરોપીપક્ષ દ્વારા નીચે મુજબના નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઇકોર્ટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

1) Jugesh Sehgal vs . Shamsher Singh Gogi, (2009) 14 Scc 683

2) K. Prakashan vs . P.K. Surenderan, AIRONLINE 2007 (Sc) 340.

3) Rekha Sharad Ushir vs Saptashrungi Mahila Nagari Sahkari (2025, INSC -399)

JUDGMENT

4) M/S Kumar Exports vs M/S Sharma Carpets on (sc 1518),

5) DILAVARSINH PRAVINSINH ZALA Versus STATE OF GUJARAT & 2 other(CRIMINAL APP.NO.2086/2010)

6)ANIL S/O BABURAO KATARIA V/S PURSHOTTAM S/O PRABHAKAR KAWANE (CRIMINAL APP.NO139/2009).

7) Kabra Shyamkumar Omprakash vs State Of Gujarat on (CRIMINAL APP.NO.1773/2023).

8) A.K.Chandran vs Sreejith (CRIMINAL APP.NO.1387/2008).

આમ, ઉપરોરકત તમામ ચુકાદા ઉપર આધાર રાખી તથા હાલના કેસની હકિકત અને સંજોગો ધ્યાને લેતા હાલના કામના આરોપીને કેસ માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદપક્ષે કરવામાં આવેલી રજુઆતો ધ્યાને લેતાં સદર ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

::- મુદ્દા -::

૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને ખેતી તેમજ શ્રોફનો વેપાર ધંધો કરે છે. આ કામના તો.દાર ઉપરોકત બતાવેલ ઠેકાણે તેમના કુટુંબ સાથે રહે છે અને ખેતી કરે છે. ફરીયાદી તથા તો.દાર એક જ ગામના હોઈ એકબીજાને સારી રીતે પરીચયમાં હોય અને એકબીજાના મિત્રતાના સંબંધો કેળવાયેલા. જેથી ફરીયાદી અને આરોપી એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને અંગત કામે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં તો. દારે ફરિયાદી પાસેથી ૩ માસ અગાઉ આ કામના તો.દારએ ફરીયાદી પાસેથી રૂા.૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયો ચાર લાખ

પચાસ હજાર પુર) લીધેલા હતા અને સદર રકમ લેતી વખતે તો.દારે જણાવેલ કે, નાણા એક માસ પછી તમોને ચુકવી આપવાનો વાયદો કરેલો. જેથી ફરીયાદીએ તો. દારના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી રૂા.૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) હાથઉછીના આપેલા. આ કામના તો. દારે આપેલ સમય વીતતા ફરીયાદીએ તો.દારને આપેલ હાથઉછીના કાયદેસરના નાણાની ઉઘરાણી કરતા તો.દારે ફરીયાદીને સદર નાણાની ચુકવણી કરવા માટે ભારતીય સ્ટેટ બેંક, સામરખા શાખાના ખાતા ન. ૩૦૮૬૬૭૪૬૬૬૪ ની તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજનો ***રૂા.૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા)*** ની એકાઉન્ટ પેઈ ***ચેક ન.૦૫૪૬૪૧*** નો તો. દારે ફરીયાદીની રૂબરૂમાં સદર ચેક તો. દારે તેમની સહી તથા ચેકમાં રકમ તથા તારીખ લખી આપેલો. આ કામના તો. દારે આ ફરીયાદીને મજકુર ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ભરોસો ચાપેલો કે, સદર ચેક પાકતી તારીખે બેંકમાં રજૂ કરતાં તુરત જ સ્વિકારાય જશે અને તેના નાણા મળી જશે. જેથી ફરિયાદીએ તો.દારના કથન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી સદર ચેક સ્વિકારેલો. ફરીયાદી સદર ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. ફરીયાદીએ તો.દારનો સંપર્ક કરતાં તો.દારે જણાવેલ તારીખ તા. ૩/૧૧/૨૦૨૨ ના રોજ ફરીયાદીની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાલેજ શાખાના ખાતામાં જમા કરાવવા માટે રજૂ કરેલ. સદર ચેક તો.દારની બેંક તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાય ***"ફંડ ઈનસફિસિયન્ટ"*** ના શેરાથી ચેક ફરેલો તે અંગેનો રીર્ટન મેમો ફરીયાદીની બેંકે રીર્ટન મેમો આપી વગર સ્વિકરાય પરત કરેલી. જેની જાણ ફરીયાદીને થયેલી. જેથી સદર ચેકના નાણા

ફરીયાદીને મળેલા નથી. જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફતે તા. ૧૫/૧૧/૨૦૨૨ ના રોજની લીગલ નોટીસ રજી.પો. એ.ડી. મારફને આપેલી. જે નોટીસ તો. દારને તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે અને આ કામના તો. દારે ફરીયાદીની નોટીસની ખોટી અને ઉડાઉ જવાબ આપેલ છે અને સદર ચેકના નાણા ફરીયાદીને ચુકવી આપેલા નથી. આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સટિમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૮) ઉપરના નિર્ણયો સુધી પહોંચવાનાં મારા કારણો નીચે મુજબ છે.

આ કામે પડેલાં પુરાવાઓનું ચર્ચા કરીયે તો આ કામે સોપ્રથમ ફરીયાદપક્ષ સાહેદ તરીકે આ કામના ફરીયાદી જાતે હાજર રહી આંક– ૦૫ થી પોતાની સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન ફરીયાદની હકીકત જણાવેલ હોય. જેથી તેનું પુરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર કેસની ઉલટતપાસ ધ્યાને લેતા તેમા તેઓ મુખ્યત્વૈ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેઓ શ્રોફનો ધંધો કરે છે. એ વાત ખરી નથી કે, સામરખામાં શ્રી રામ કોમ્પલેક્ષની અંદર તેમની એમ.કે. ફાયનાન્સ શ્રોફની દુકાન આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પ્રેમ પ્લાઝા કોમ્પલેક્ષમાં દુકાન આવેલ છે. એ વાત ખરી નથી કે, દુકાન નજીક વાળી એ.ટી.એમ ની દુકાન ભાડે આપેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તે તેમની પોતાની છે.

તેમને સવાલ કરવામાં આવેલ કે, એમ. કે. ફાયનાન્સ શ્રોફની દુકાન કોના નામે આવેલ છે ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, એવી કોઈ દુકાન સામરખા ખાતે આવેલ નથી. એ વાત ખરી છે કે, પ્રેમ પ્લાઝામાં તેમની દુકાન પાંચ વર્ષથી આવેલ છે. એ વાત ખરી છે કે, ફાયનાન્સ માટે લાયસન્સ લેવું પડે છે. સાહેદ સ્વૈચછાએ જણાવે છે કે, તેમની પાસે લાયસન્સ છે. એ વાત ખરી છે કે, શ્રોફ લાયસન્સ ધરાવતા હોય, તેમને નીતિ નિયમ લાગુ પડે. એ વાત ખરી છે કે, તેઓ ઈન્કમટેક્ષ ભરે છે. એ વાત ખરી છે કે, રૂા. ૨૦,૦૦૦/–ઉપરની લેવડ–દેવડ કોઈપણ કામ માટે હોય તો તેની નોંધ ઈન્કમટેક્ષમાં રાખવી પડે. તેમને એ વાતની ખબર છે કે, રૂા.૨૦,૦૦૦/– ઉપરની કોઈપણ લેવડ દેવડ કરવાની હોય તો તે ચેકથી કરવી પડે છે. એ વાત ખરી છે કે, શ્રોફનો ધંધો કરતા હોય ત્યારે સોનાના બદલે રૂપિયા આપીએ છે, તેની નોંધ ફોર્મમાં કરવી પડે છે. એ વાત ખરી છે કે, એ ફોર્મમાં નામ, સરનામું, તારીખ અને રકમ અને વસ્તુઓની લેવડ દેવડની નોંધની વિગત હોય છે. એ વાત ખરી છે કે, આ નોંધોની વિગત વાર્ષિક ચોપડામાં નોંધ કરી ધીરધાર ઓફીસરને આપવી પડે. એ વાત ખરી છે કે, આ ધીરધાર ઓફીસરને જે નોંધ આપેલ હોય, તેની એક કોપી જે માણસે પૈસા લીધેલ હોય તેને પણ આપવી પડે છે. એ વાત ખરી છે કે, જે વ્યક્તિને ધીરધારના નાણા કરવામાં આવેલ હોય તેને એક પૈસા જમા કરાવવા માટે ચોપડી આપવામાં આવે છે અથવા કાર્ડ આપવામાં આવે છે. તેની અંદર જે પૈસા આવે તેને નોંધવામાં આવે છે અને ધીરધાર કરનારે તેના હસ્તાક્ષરમાં સહી કરવી પડે. એ વાત ખરી છે કે, કાર્ડ અથવા ચોપડી શ્રોફનો ધંધાની લેવડ દેવડ માટે આપવામાં આવે છે. વધુમાં તેમને સવાલ કરવામાં આવેલ છે કે, હાલના કામના આરોપી ગનીભાઈને તમે ચોપડી ધીરવાર કર્યા અંગેની રકમ લેવા માટેની આપેલી છે અને તમે તેની અંદર મેળવ્યા બાબતની સહી કરેલ છે. તેના જવાબમાં તેઓ જણાવે છે કે, ના. આ કેસ પુરતી આપેલી નહી. એ વાત ખરી છે કે, હાલના કેસમા થયેલ ચેકના વહેવાર પહેલા તેમણે આરોપી સાથે અગાઉ નાણા અંગેના વહેવાર કરેલા છે. વધુમાં તેમને સવાલ કરવામાં આવેલ છે કે,

ગનીભાઈએ તમારી સાથે કરેલા શ્રોફ અંગેના અગાઉ વહેવાર કયારે કરેલા ? તેના જવાબમાં તે જણાવે છે કે, શ્રૉફ અંગેના કોઈ વહેવાર કરેલા નથી. એ વાત ખરી છે કે, ગનીભાઈએ મારી સાથે શ્રૉફ અંગેના કોઈ વહેવાર કયારે પણ કરેલા નથી અને તેમને પાવતી આપેલી હોય તેવું બનેલ નથી. તેમને ધીરધાર અંગેની સને ૨૦૨૧ ની દૈનિક પાસબુક નં. ૩૩૫૩૦ બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે, તેમાં સહી વાળા કોલમમાં બધી સહીઓ તેમની છે. જેને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે. તેમને એક કાગળમાં લખેલા હિસાબ અંગેની માહીતી બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે, તેમાં લખેલી વિગત બુધાભાઈનું નામ અને રકમ રૂા. ૨૮,૦૦૦/– જે લખેલી છે, તે બાબતે તેમને કોઈ ખબર નથી, જેને નિ. ૧૬/૧ આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે, આંક–૧૬ થી રજુ તેની પાસબુક નં. ૩૩૫૩૦ વાળું લખાણ તેમણે પણ રાખવું પડે છે. એ વાત ખરી છે કે, તમણે લખાણ રાખવું પડે અને ઈન્કમટેક્ષમાં પણ બતાવવું પડે. એ વાત ખરી છે કે, હાલાના કેસમાં તકરારી રકમનો ઈન્કમટેક્ષ રીટનનો હિસાબ તેમની પાસે છે. એ વાત ખરી છે કે, ઈન્કમટેક્ષ રીટનમાં પૈસા આપ્યાની વિગત નામ સહીત આપવી પડે છે. એ વાત ખરી છે કે, હાલના કેસમાં ઈન્કમટેક્ષ એક્ટ અંગેની કોઈ રીર્ટન તેમણે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, હાલના કામે શ્રોફ અંગેનું કોઈ લાયસન્સ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, તેઓ ખેતી કરે છે. તે અંગેનો કોઈ પુરાવો કે, ખેતી ધ્વારા કેટલી આવક મેળવે છે. તે અંગેની કોઈ વસ્તુ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, તેમના અને ગનીભાઈનું ગામ અલગ અલગ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દોઢ કિલોમીટર દુર આવેલ છે. વધુમાં તેમને સવાલ કરવામાં આવેલ કે, ગનીભાઈ સાથે તમારે મિત્રતા કેવી રીતે થયેલી ? તેના જવાબમાં તે જણાવે છે કે, અગાઉ ગનીભાઈ સામારખા ગામમાં રહેતા હતા તથા તેમનાથી ત્રીજુ ઘર તેમનું હતું તથા તેમની બહેનના કલાસમેટ હતા તેથી તેમને ઓળખે છે. એ વાત ખરી નથી કે, તેમના ગામમાં પ્રિન્સીપાલ તરીકે વિનુભાઈ ઠાકોર રહે છે અને તેમને ઓળખે છે. એ વાત ખરી છે કે, કણભઈપુરા ગામે પ્રિન્સીપાલ તરીકે નોકરી કરતા વિનુભાઈ ઠાકોરને

શૈક્ષણીક કામકાજ રીતે ઓળખે છે. એ વાત ખરી છે કે, વિનુભાઈ તેમની શ્રોફની પેઢીએ બેસવા આવે છે. એ વાતની તેમને ખબર નથી કે, વિનુભાઈ જુદી જુદી કંપનીઓની અલગ અલગ સ્કીમોની કામગીરી કરે છે. એ વાતની બધાને ખબર હોય કે, સ્કીમોની અંદર રકમ ભરવાની થાય કે, લેવડ દેવડ થાય તેમાં ચેકથી લેવડ દેવડ થાય. એ વાત ખરી છે કે, તેમની ફરિયાદમાં ગનીભાઈને રકમ કઈ તારીખે, કયાં મહીનામાં અને કયા વર્ષમાં આપેલ છે તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, ગનીભાઈ સાથે તેમને વિનુભાઈ ઠાકોર મારફતે ઓળખાણ થયેલી. એ વાત ખરી છે કે, આ કામના આરોપી ગનીભાઈ રીક્ષા ચલાવે છે. એ વાત ખરી નથી કે, વિનુભાઈ ઠાકોરે ગનીભાઈને એવું જણાવેલ કે, તેઓ શ્રોફનો ધંધો કરે છે અને તમે ગ્રાહક લાવશો તો તમને કમીશન આપવામાં આવશે. એ વાત ખરી નથી કે, વિનુભાઈના કહેવાથી ગનીભાઈ ધીરધાર માટે ગ્રાહકો લાવેલા. એ વાત ખરી નથી કે, ગનીભાઈ જે ગ્રાહકો લાવેલા તેને ધીરધારની રકમ આપેલી. એ વાત ખરી નથી કે, ચાંદીના છડા જે રૂ.૯,૧૦૦/- ના તથા સોનાની વીટી રૂ. ૧૫,૦૦૦/- ની કિંમતની તે સીકયુરીટી માટે ત્યાં મુકેલા અને તેમણે રૂ. ૨૦,૦૦૦/- નું ધીરાણ આપેલું અને સીકયુરીટી પેટે કોરો ચેક લીધેલો અને આ ચેક વિનુભાઈ ઠાકોર મારફતે તેમને આપેલો છે. એ વાત ખરી નથી કે, આ આ કામની રકમના રૂ.૩૫,૦૦૦/- તેમને ચુકવી આપેલ છે અને તેમને સોનાની વીંટી તથા ચાંદીના છડા અને ચેકો પાછા આપેલા નથી. એ વાત ખરી નથી કે, હાલના ચેકનો ખોટો ઉપયોગ કરીને ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, ચાંદીના છડા, સોનાની વીંટી પાછા આપવા ન પડે તે માટે તેમણે ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, આરોપીએ તેમને આપેલી નોટીસનો જવાબ આપેલો. એ વાત ખરી છે કે, નોટીસના જવાબમાં જેમાં આરોપીએ જણાવેલું કે, શ્રોફનાં ધંધા અંગેની લેવડદેવડની જે રકમ લીધેલી તે ચુકવી આપેલી છે, તે બાબતનો કોઈ ખુલાસો કે, પ્રતિનોટીસ આપેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી ગનીભાઈને તેઓએ કોઈ હાથઉછીની રકમ આપેલી નથી. એ વાત ખરી છે કે, તેમણે તેમની ફરિયાદમાં પૈસા ચેકથી

આપેલા અને ક્યારે આપેલા તે દર્શાવેલ નથી. તેમને આંક–૧૦ વાળો ચેક બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે, તેમાં જે સહી છે તે ગનીભાઈની સહી છે. એ વાત ખરી છે કે, આંક– ૧૦ વાળા ચેકમાં જે તારીખ લખેલ છે અને આકડમાં લખેલા સાડા ચાર લાખ અને તેની સહીનું લખાણ અલગ છે. એ વાત ખરી છે કે, આંક–૧૦ વાળા ચેકમાં ભાવીનકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ અને શબ્દોમાં લખેલ રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા જે લખેલા છે, તેની સહી અને રાઈટીંગ અલગ છે. એ વાત ખરી છે કે, આંક–૧૦ વાળા ચેકમાં જે આરોપીની સહી કરેલી છે તેની સહી અલગ છે. એ વાત ખરી નથી કે, વિનુભાઈ ઠાકોર જે સ્કીમનો ધંધો કરે છે અને તેમને જે ચેક આપેલો તે ચેક તેમણે મિત્રતા તરીકે મેળવી અને તે કોરા ચેકનો ખોટો ઉપયોગ કરેલ છે. એ વાત ખરી નથી કે, તેઓ જી.એસ.ટી.નું લાયસન્સ ધરાવે છે. એ વાત ખરી છે કે, તેઓ શ્રોફ પેઢી ધરાવે છે, તેથી જી.એસ.ટી. લાયસન્સ લેવુ પડે. એ વાત ખરી છે કે, જી.એસ.ટી.માં તમામ વિગતો ભરી અને તેમાં જી.એસ.ટી.માં બતાવવી પડે અને આપવી પડે. એ વાત ખરી છે કે, વિગત ભરવા અંગેનું તેમને કોઈ જી.એસ.ટી. લીધેલ નથી. વધુમાં તેમને સવાલ કરવામાં આવે છે કે, જે શ્રોફના ધીરવાર નો ધંધો કરે છે અને તેમાં તેમણે જે પણ વ્યક્તિને ધીરનાર કરીએ તેના નામ સાથે તેનું ફોર્મ ભરવાનું હોય, તે ફોર્મ જે રકમ આપવાની હોય તે વ્યાજ સહીત જે રકમો સોના ચાંધી ઉપર ધીરાણ કરેલ હોય તે તેના સાક્ષીઓની સહીઓ હોય તે ફોર્મની વિગતો તેમણે શ્રોફનું લાયસન્સ મેળવેલા છે તે અધિકારીને તે તમામ વિગતોનું ફોર્મ આપેલ છે તે તમે નામદાર કોર્ટમાં રજુ કરવા ખુશી છો ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, ના. એ વાત ખરી છે કે, ધીરધારાના અમે જે વ્યવહાર કરીએ તે ત્રણ પ્રતમાં હોય જેમાં એક પ્રત અધિકારીને બીજી પ્રત જેને ધીરધાર કરેલ હોય તેને અને ત્રીજી પ્રત તેમની ઓફીસમાં રહે. એ વાત અરી છે કે, ધીરધારના અંગે જે વ્યવકાર કરીએ તે ત્રણ પ્રતમાં હોય જેમાં એક પ્રત અધિકારીને બીજી પ્રત જેને ધીરધાર કરેલ હોય અને ત્રીજી પ્રત તેમની ઓફીસમાં રહે અને જો એ ત્રણ પ્રતો ના રાખીએ તો ગુનો થાય. એ વાત ખરી છે કે, તેમની પાસે આ ત્રણ પ્રત નથી. એ વાત ખરી નથી

કે, તેમણે આ ફરિયાદમાં જે હાથઉછીના બતાવેલ છે તે વ્યવહાલ શ્રોફ અંગેની હોય જેથી તેમણે હાલના કામે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, તેમની આ ફરિયાદમાં રકમ ચેકથી આપેલી કે રોકડેથી આપેલી તથા આ રકમ આપતી વખતે કોઈ લખાણ અંગેનો કોઇ પુરાવો વિગેરે ફરિયાદ, સોગંદનામું કે, નોટિસમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, કોઈપણ રકમ આપીએ તે કોઈ લખાણ વગર આપીએ નહિ. એ વાત ખરી નથી કે, તેમને કોઈ હાથઉછીની રકમ આપેલી નહી જેના કારણે કોઈ લખાણ કરેલું નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી સાથે કોઈ હાથઉછીના વ્યવહાર કરેલ નથી અને કોઇ રકમ આપેલી નથી અને ખોટી ફરિયાદ કરેલ છે.

(૯) ત્યારબાદ આ કામે ક્રિમિનલ પ્રોસિઝર કોડ ની કલમ–૩૧૩ મુજબ આરએપીનું વિશેષ નિવેદન માટે કેસ મુકરર કરેલ અને તે અનુસંધાને તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. તેમાં તેઓએ ફરિયાદ હકીકત નકારી કાઢેલ છે તથા ખોટી ફરિયાદ કરેલ છે અને ચેકનો દુરઉપયોગ કરીને લેણી રકમ નીકળતી ન હોવા છતાં, ખોટી ફરિયાદ કરેલા નું જણાવેલ છે. વધુમાં આંક–૧૫ થી આરોપીએ નોટિસનો જવાબ ફરિયાદીને ૧૫ દિવસની અંદર આપેલ હોવાની હકીકત પણ જણાય આવે છે.

(૧૦) આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ (ક) તથા કલમ–૧૩૯ ના પ્રબંધો ધ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

કલમ–૧૧૮. વટાઉખત વિશે માની લેવાની બાબત:

એથી વિરુઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી

આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાંઆવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૧૧) હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સટ્રુ.કલમ–૧૩૮ હેઠળ દાખલ થયેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના લાભમાં કેટલાંક કાયદેસરનાં અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા મુજબના અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે, સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા આરોપી માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો જોઈએ. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

(૧૨) હાલના કામે પક્ષકાર તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આં

ક–૦પ થી સાહેદ તરીકે પોતાની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થન કરતા દસ્તાવેજી પુરાવા આંક–૧૦ થી આંક–૧પ રજુ કરેલ અને સદરહુ દસ્તાવેજો સોગંદનામામાં આંક–૧૦ થી આંક–૧પ સુધીના દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલા છે. વધુમાં આ કામે આંક–૧૧ થી રજુ ચેક રીટર્ન મેમો ઘ્યાને લેતા તેમાં ચેક નં. ૦પ૪૬૪૧ રકમ રૂા.૪,પ૦,૦૦૦/– તે રીટર્ન થવાનું કારણ ''ફંડ ઈનસફીસીચંટ'' હોવાનું તથા તે ચેક રીટર્ન થયાની તા. ૦૭/૧૧/૨૦૨૨ જણાય છે. સદર આંક–૧૦ થી રજુ તકરારી ચેક આંક–૧૧ ના રીટર્ન મેમા થી ''ફંડ ઈનસફીસીચંટ'' ના કારણે પરત ફરતા ફરીયાદી એ પોતાના વકીલશ્રી મારફત આરોપીને રજી. એડી. આંક–૧૨ વાળી લીગલ નોટીસ મોકલાવેલ જે આંક–૧૩ થી નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી બજેલી હોવાનું જણાય છે. આમ, આરોપીએ ફરીયાદીએ ચેકની રકમ ચુકવી આપેલ ન હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂઘ્ધ દાખલ કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે સાબીત થાય છે.

વધુમાં હાલના કામે આરોપીપક્ષે ફરિયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ મુખ્યત્વે આ કામના ફરિયાદી નાણા ધિરધારનો ધંધો કરતા હોય અને આરોપી વિનુભાઈને આપેલ ચેકનો દુરઉપયોગ કરી હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનો બચાવ લીધેલ છે. વધુમાં હાલના કામે આરોપીપક્ષ દ્વારા જે વ્યક્તિ લાયસન્સ ધારક હોય, તે જ નાણા ધિરધારનો ધંધો કરી શકે, તેવો બચાવ લીધેલ છે તથા જો આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીની રકમ લીધેલ હોય, તો તે રકમ કઈ તારીખે, કોની હાજરીમાં, કેવી રીતે લીધેલ છે, તે અંગેની પણ કોઈ સ્પષ્ટ હકીકત ફરિયાદ, નોટિસ કે, સરતપાસના સોગંદનામાં જણાવેલ નથી. જો રકમ ચેકથી લીધેલ હોય તો પણ ચેક નંબર ફરીયાદ, સોગંદનામામાં કે, નોટિસમાં દર્શાવેલ નથી,

તેવો બચાવ લીધેલ છે. તેથી આ તમામ સંજોગોમાં ફરિયાદીનો કેસ નબળો પડે છે તથા આરોપી ઉપર રહેલ તેઓના વિરુદ્ધના અનુમાનનો બચાવ રજૂ કરી સફળતાપૂર્વક ખંડન કરી શકેલ હોય, તેવી દલીલ કરવામાં આવેલ છે.

(૧૩) હાલના કામે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીપક્ષ દ્વારા લેવામાં આવેલ બચાવોમાં ફરિયાદીને કાયદેસરના લેણાં નથી તેવી હકીકત પુરવાર કરવાની રહેશે. હાલના કામે ફરિયાદીની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓ શ્રોફનો ધંધો કરતા હોય અને સદર ધંધો એમ.કે. ફાઈનાન્સના નામથી કરતા હોવાની હકીકત જણાય આવે છે. વધુમાં તેઓ ઈન્કમટેકક્ષ ભરતા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં તેઓ નાણા ધિરધારને લગતી તમામ બાબતો અને તેના વ્યવહારો અને નિભાવવામાં આવતા રજીસ્ટારોથી વાકેફ હોવાની હકીકત પણ જણાય આવે છે. તેઓ શ્રોફના ધંધામાં લેવડદેવડ માટે ચોપડી નો ઉપયોગ કરતા હોય તેવી પણ હકીકત જણાય આવે છે. પરંતુ હાલના કામે તેઓએ આરોપીને ચોપડી આપેલ ન હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે, તે હકિકત શંકા ઉપજાવે છે. કારણ કે, જો શ્રોફનો ધંધો કરનાર વ્યક્તિ, તેના ધંધાના નિત્યક્રમ મુજબ દરેક ગ્રાહકને ચોપડી આપતા હોય, તો હાલના કામના આરોપીને શા કારણસર આપેલ નથી, તે અત્રે નોંધનીય છે. વધુમાં ફરિયાદીએ આરોપી સાથે અગાઉ નાણાનો વ્યવહાર કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર છે. પરંતુ તેમને શ્રોફ અંગેનો કોઈ વ્યવહાર કરેલ નથી, તેવું જણાવેલ છે. વધુમાં હાલના કામે આરોપીની આંક–૧૬ થી દૈનિક પાસબુક જોવામાં આવે તો તેમાં ગની આગમખા અજીજમિયા તેવું નામ લખેલ પાસબુક રજૂ રાખેલ છે. તેમાં ફરિયાદી તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં નિશાની ૧૬/૧ થી હિસાબવાળી ચોપડી રજૂ રાખવામાં આવેલ છે. પરંતુ સદર ૧૬/૧ વાળા દસ્તાવેજને આંક પડેલ ન હોય, તેથી હાલના કામે વંચાણે લેવામાં આવેલ નથી. વધુમાં આંક–૧૬ વાળી પાસબુકનું લખાણ તેઓએ પણ લખવુ પડે તેવી હકીકત સ્વિકારેલ છે. હાલની ફરિયાદ સાથે એવો કોઈ દસ્તાવેજ રજૂ રાખેલ નથી તથા તેઓ હાલના કામે તેઓની સાથેનું લાઇસન્સ રજૂ રાખેલ

નથી, તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં તેઓ ખેતીકરીને કેટલી આવક મેળવે છે, તે અંગેનો કોઈ પુરાવો હાલના કામે રજૂ રાખેલ નથી. જે સંજોગોમાં તેઓ ચેક મુજબની રકમ આપવા સક્ષમ હતા કે કેમ, તે હકિકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં તેઓ આરોપીને ફરિયાદવાળી રકમ કઈ તારીખે, કયા મહિનામાં, કયા વર્ષમાં આપેલ છે, તે હકીકત પણ નોટિસ, ફરિયાદ કે, સરતપાસના સોગંદનામાં જણાવેલ નથી. વધુમાં તેઓ હાલની ફરિયાદમાં આરોપીએ તેઓની નોટિસનો જવાબ આપેલ છે, તે હકીકત પણ વિગતવાર જણાવેલ નથી તથા તે નોટિસ અંગેનો કોઈ ખુલાસો, કોઈ પ્રતિનોટીસ આપેલ નથી. વધુમાં આંક–૧૦ વાળો ચેક તેઓને બતાવતા તેમાં તેઓએ તારીખ તથા આંકડામાં લખેલ રકમ અને સહીનું લખાણ અલગ અલગ છે, તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તેઓને શ્રોફનું લાયસન્સ મેળવેલ હોય, તે તમામ વિગતનું ફોર્મ રજૂ રાખવાની માહિતી, તેઓએ સદર ફોર્મ રજૂ રાખવા ઈન્કાર કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ પુરાવા વંચાણે લેવામાં આવે તો હાલના કામે ફરિયાદીની ફરિયાદમાં જણાવેલ વ્યવહાર હાથઉછીના હોય તે, હકીકત શંકાસ્પદ જણાય આવે છે. હાલના કામે ફરિયાદી શ્રોફનો ધંધો કરતા હોય તથા તેઓ આરોપીને તેઓના ગામના હોય અને તેઓને રૂા.૪,૫૦,૦૦૦/– જેવી માતબર રકમ હાથઉછીના તરીકે આપેલ હોવાની હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમાં તે સદર રકમ આપેલ તે તેઓની પડી રેહલ બચતમાંથી આપેલ કે, તેઓની ખેતીની આવકમાંથી આપેલ, તેવી પણ કોઈ સ્પષ્ટતા ફરિયાદમાં કરેલ નથી, તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજૂ રાખેલ નથી. વધુમાં સદર હાથઉછીની રકમ આરોપીએ ફરિયાદી પાસેથી કઈ તારીખે, કોની હાજરીમાં, કેવી રીતે આપેલ તેવી કોઈ હકીકત ફરિયાદ, નોટિસ કે, સરતપાસના સોગંદનામાં જણાવેલ ન હોય. તેથી હાલના કામે આરોપીપક્ષ તેઓની ઉપર રહેલ પુરાવાનું ખંડન કરવાનો બોજો સફળતાપૂર્વક ખંડન કરી શકેલ હોય, તેવું જણાય આવે છે. વધુમાં તેઓ દસ્તાવેજ રજૂ રાખવાનો ઈન્કાર કરતા તેઓની વિરુદ્ધનું અનુમાન થઈ શકે, તેથી આરોપીની દલીલ મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) મુજબની

જોગવાઈ અત્રે લાગુ પડે છે. વધુમાં હાલના કામે ફરિયાદી દ્વારા આટલી મોટી માતબર રકમ માત્ર એક જ ગામના હોવાથી કોઇ લખાણ વગર કોઈની રૂબરૂમાં પણ ન આપ્યા હોવાની હકીકત વિશ્વાસનિયતા ધરાવતી નથી.

વધુમાં હાલના કામે આરોપી પક્ષ દ્વારા રજુ ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો તેમાં ***1) Jugesh Sehgal vs . Shamsher Singh Gogi, (2009) 14 Scc 683*** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, ફરિયાદી દ્વારા હકીકત છુપાવેલ હોય, તેવા સંજોગોમાં આરોપી વિરુદ્ધનો કેસ ચલાવવા ***"Abuse of the Process of Court"***જણાય આવે છે અથવા તો ન્યાયના આખરી નિર્ણયને પહોંચી વળવા માટે ટકવાપાત્ર ન હોય, તેવા સંજોગોમાં આરોપીપક્ષને લાભ આપવો જોઈશે. આમ, સદર ચુકાદામાં જણાવેલ સિદ્ધાંત મુજબ હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા હાથઉછીની રકમનો વ્યવહાર કોઈ ચોક્કસ માહિતી, ફરિયાદમાં રજૂ રાખેલ ન હોય, તેથી સદર ચુકાદો આરોપી પક્ષને લાગુ પડે તેવું મારું નમ્રપણે માનવું છે.***2) K. Prakashan vs . P.K. Surenderan, AIRONLINE 2007 (Sc) 340.*** નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, આરોપી વિરુદ્ધનું અનુમાનનું ખંડન કરવા માટે આરોપીપક્ષે પ્રોબેબ્લ ડિફેન્સ રજૂ રાખવો જોઈશે. તે બચાવ પણ માત્ર બચાવ નહિ પણ, ફરિયાદ હકીકતોને સંપૂર્ણપણે ખંડન કરતો હોવો જોઈએ. આમ, હાલના કામે પણ આરોપીપક્ષે બચાવ રજૂ રાખી ફરિયાદપક્ષના પુરાવાનું ખંડન કરેલ તથા તેઓ ઉપર રહેલ અનુમાનનું પણ ખંડન કરવામાં સફળ રહેલા હોય, હાલનો ચુકાદો પણ આરોપીપક્ષને લાગુ પડશે તેવું મારું નમ્રપણે માનવું છે. ***3) Rekha Sharad Ushir vs Saptashrungi Mahila Nagari Sahkari (2025, INSC -399)***ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલત દ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, જ્યારે કોઈ પણ પક્ષકાર કોર્ટ સમક્ષ કોઈ હકીકત છુપાવે અથવા તો તે ખોટી જણાવે, તો તેઓ કોર્ટ પાસેથી ન્યાય મેળવી શકશે નહીં અને છુપાવેલી હકીકત જરૂરી તથા આક્ષેપ વ્યવહારના સ્વરૂપને બદલે તે મુજબની હોવી જોઈએ. આમ, હાલના કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત તકરારી ચેક તેની પાસે કેવી રીતે અને કેવા સંજોગોમાં આવેલ તે હકીકત સ્પષ્ટ અને

રેકર્ડ ઉપર જણાવેલ ન હોય તથા આક્ષેપવાળા ચેકની રકમ આરોપીએ કયા માધ્યમમાં ફરિયાદીને આપેલ તેવી પણ હકીકત ફરિયાદમાં દર્શાવેલ નથી. તેથી તે સંજોગોમાં પણ હાલનો ચુકાદો આરોપીપક્ષને લાગુ પડે તેવુ મારું નમ્રપણે માનવું છે. વધુમાં ***4) M/S Kumar Exports vs M/S Sharma Carpets on (sc 1518)*** ના ચુકાદમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે, આરોપીપક્ષે કલમ–૧૩૮ ના ટ્રાયલમાં બે વિકલ્પ હોય છે. તેમાંથી ૧) કે ફરિયાદ હકીકતવાળું ટ્રાન્જેક્શન અસ્તિત્વ ધરાવતું ન હતું અને ૨) ફરિયાદપક્ષ દ્વારા રજુ પુરાવાનું કાયદામાં કરેલ અનુમાન વિરુદ્ધનો પુરાવો રજૂ રાખી ખંડન કરવું પડે. આમ, હાલના કેસમાં આરોપીપક્ષ દ્વારા ફરિયાદ હકીકત સબંધે શંકા ઉપજાવે તેવી માત્ર શંકા જ નથી, પરંતુ તે મતલબનો પુરાવો રેકર્ડ ઉપર લાવી ફરિયાદ હકિકતોનું ખંડન કરેલું હોય. તેથી હાલનો ચુકાદો પણ આરોપીપક્ષને લાગુ પડે તેવું મારું નમ્રપણે માનવું છે. વધુમાં ***5) DILAVARSINH PRAVINSINH ZALA Versus STATE OF GUJARAT & 2 other(CRIMINAL APP.NO.2086/2010)*** નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવેલ સિદ્ધાંત હાલના કેસમાં લાગુ પડશે નહિ, તેવું મારું નમ્રપણે માનવું છે. કારણ કે, સદર કેસની હકીકતો અને હાલના કેસની હકીકત એકબીજાથી વિરુદ્ધ હોય, તે સંજોગોમાં સદર સુકાદો હાલના કેસમાં લાગુ પડશે નહીં, તેવું મારું નમ્રપણે માનવું છે. ***6)ANIL S/O BABURAO KATARIA*** *V/S* ***PURSHOTTAM S/O PRABHAKAR KAWANE (CRIMINAL APP.NO139/2009).*** નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, જ્યારે ફરિયાદીની ઉલટતપાસ તેઓ નાણાં ધીરધારનો ધંધો કરતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી હોય અને તે મતલબનો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ રાખવા આવેલ ન હોય તેવા સંજોગોનો લાભ આરોપીપક્ષને જાય છે. આમ, હાલના કેસમાં પણ ફરિયાદી શ્રોફનો ધંધો કરતા હોય, તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે, તે મતલબનું કોઈ લાયસન્સ રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી તેવા સંજોગોમાં પણ હાલનો ચુકાદો આરોપીપક્ષને લાગુ પડશે તેવું મારું નમ્રપણે માનવું છે. વધુમાં ***7) Kabra Shyamkumar Omprakash vs State Of***

Gujarat on (CRIMINAL APP.NO.1773/2023)ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, નાણાં ધીરનારનો ધંધો કરનાર વ્યક્તિ દ્વારા કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોય તેવુ કે, તે પ્રકારના અન્ય કોઈ પુરાવો કેસ રેકર્ડમાં રજૂ ન હોય, તેવા સંજોગોમાં તેઓ દ્વારા માંગવામાં આવેલી દાદ કાયદેસરની લેણી રકમ હોવાનું પુરવાર થતી નથી. હાલના કામે ફરિયાદી દ્વારા તેઓના રજીસ્ટર કે, ધંધો કરવા અંગેનું કોઈ લાયસન્સ રજૂ રાખેલ ન હોય, તેથી સદર ચુકાદો પણ ફરિયાદના કેસને લાગુ પડે તેવું મારું નમ્રપણે માનવું છે. વધુમાં ***8) A.K.Chandran vs Sreejith (CRIMINAL APP.NO.1387/2008)*** ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતા તે હાલના કેસની હકીકતોની વિરુદ્ધનું હોય તેથી સદર ચુકાદો આરોપીપક્ષના કેસને લાગુ પડશે નહીં, તેવું મારું નમ્રપણે માનવુ છે. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા *Mehta Nileshkumar Vishnuprasad vs State Of Gujarat* ((2025)(0)GUJHC 63410) ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે આરોપીએ પ્રથમદર્શનિય પ્રોબેબ્લ ડિફેન્સ રજૂ કરી અનુમાનોનું ખંડન કરેલ હોય,તેવા સંજોગોમાં સંપૂર્ણ પુરાવાનો બોજો ફરીયાદી ઉપર રહે છે અને જો તેમ કરવામાં તે નિષ્ફળ રહે તો તેનો લાભ આરોપીપક્ષને જાય છે. તે સંજોગોમાં ફરિયાદપક્ષનું લેણુ કાયદેસરનું છે, તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય અને આરોપીઓ પોતાના ઉપર રહેલ પુરાવો રિબટ કરવામાં સફળ રહેલ હોય અને આંક-૧૦ વાળો ચેક પરત ફરેલ છે તે હકિકત પુરવાર થાય છે પરંતુ રજૂ પુરાવા પરથી ફરીયાદીનું લેણુ કાયદેસરનું આરોપીઓ પાસેથી બાકી નિકળતુ હોવાનું પુરવાર થતુ નથી. આમ, ફરિયાદપક્ષ ફરિયાદવાળો ચેક ફરીયાદીને કોઇ કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં હાલના કામના આરોપીઓએ નેગોશિએબલ ઇન્સ્ટ્યુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ મુજબના કાયદેસરના અનુમાનોનુ સફળતાપુર્વક ખંડન કરેલ હોવાનું પ્રથમદર્શનિય રીતે પુરવાર થાય છે. જેથી આરોપીને નેગોશિએબલ ઇન્સ્ટ્યુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના કામે દોષિત ઠરાવી શકાય નહીં અને

ઉપરોકત મુજબની તમામ ચર્ચા અને સંજોગો ધ્યાને લઈ મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

<u>–:હુકમ:–</u>

૧. આ કામનાં **ગનીભાઈ ઈબ્રાહીમભાઈ વહોરા,** રહે. સદાનાપુરા, ઠે. રેલવે સ્ટેશન, રેલવે ફાટકની બાજુમાં, મુ.પો. અજુપુરા (સામરખા). તા.જી. આણંદનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના સદ્ધર જામીન તથા મુચરકો આરોપીઓએ અત્રેની અદાલતમાં રજૂ કરવા.

હુકમ આજ રોજ તા.૧૩ મી, માહે. મે સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ. **(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
તારીખ : ૧૩/૦૫/૨૦૨૬ એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
(JUDGE CODE GJ-01692)

<u>S.B.Zala-Guj. Steno.</u>